જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૯/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૧૦૩ કવાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ મોટર કબજે કર્યુ હતુ. તથા જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૨૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૩૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. અને પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાતઃ– **સમાચાર યાદી નં.૧૨૩૯/૨૦૨૫**

ક્રાઈમ બ્રાન્ચઃ જીમીતભાઇ રોહિતભાઇ શાહ (ઉ.વ.૪૦) (રહે. પૃથ્વી ટાવર જોધપુર ચાર રસ્તા પાસે જોધપુર અમદાવાદ) એ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી રિદ્ધેશ રમેશભાઇ પારેખ (રહે. ફેઝ–૨, ડી–૨–૬૦૨, આકાશ રેસીડન્સી, કલબ ઓ સેવન રોડ, શેલા, અમદાવાદ) નાઓ એવરેસ્ટ મસાલાની કંપનીમાં લવિંગ અને બાદિયાનું વેચાણ કરતા હોવાની અને આ વેપારમાં ૫ થી ૬% નો નફો થતો હોવાનું જણાવી આ કંપનીમાં માલ મોકલવા પોતાને નાણાંની જરૂરીયાત હોય જીમીતભાઇ શાહને નાણાં આપવા અને નાણાંની સામે પોતાને થતા ૫ થી ૬% નફામાંથી જીમીતભાઇ શાહને ૧.૫% નફો આપવાનું જણાવી વિશ્વાસમાં લઈ જીમીતભાઇ શાહ પાસેથી તા.૧૩/૦૧/૨૦૨૫ થી તા.૦૯/૦૪/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૧,૬૬,૬૭,૦૦૦/– પોતાના બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી મેળવી લીધા હતા. ત્યારબાદ તા.૨૫/૦૧/૨૦૨૫ થી તા.૧૫/૦૪/૨૦૨૫ સુધીમાં રૂપિયા ૧,૨૭,૬૦,૦૦૦/– જીમીતભાઇ શાહને પરત ચૂકવી બાકીના લેણા રૂપિયા ૩૯,૦૭,૦૦૦/– નહીં ચૂકવી, તેમજ સાહેદ નાઓની પાસેથી પણ રોકાણ કરાવાના બહાને રૂપિયા ૨૪,૦૦,૦૦૦/– મેળવી લઈ પરત નહી ચૂકવી જીમીતભાઇ શાહ તથા સાહેદ નાઓ સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઇ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૪૦/૨૦૨૫**

ચાંદખેડાઃ સિધ્ધાત સ/ઓ વસંતભાઇ ઠક્કર (રહે. આશિર્વાદ સ્કાય વાસણા મ્યુનિસીપલ કોમ્યુનીટી હોલ સામે વાસણા) એ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૫ રાતના ૮/૧૫ થી ૧૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન તપોવન સર્કલ નજીક એન.વાય.સિનેમાની બહાર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ અને લેડીઝ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૧૫,૦૦૦/–અને લેપટોપનું ચાર્જર હતું. તેમજ લેડીઝ પર્સમાં સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૩૦૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૪૧/૨૦૨૫**

આનંદનગરઃ વેજલપુર દેવ સોલીટરની બાજુમાં શિવમ એપાર્ટમેન્ટ ઔડાના મકાન ખાતે રહેતા અરવિંદભાઈ રમણભાઈ પારગી નાઓના સગીર વયના પુત્રએ અગમ્ય કારણસર તા.૦૨/૦૯/૨૦૨૫ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે ઘાબા ઉપરથી પડતું મુકતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ ગાભાભાઈ ચલાવે છે.

અમરાઈવાડીઃ મનસુખભાઈ દુદાભાઈ સોલંકી (ઉ.વ.૫૦) (રહે. અંબિકાનગર ગલી નં–૫ નરસિંહનગર સામે મેટ્રો પિલ્લર નંબર–૫૨ સામે અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૦૧/૦૯/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૯/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષકુમાર ગોવિંદભાઈ ચલાવે છે.

નિકોલઃ દિલીપકુમાર જગદીશકુમાર પ્રજાપતિ (ઉ.વ.૩૫) (રહે. પંચાલવાસ પરવડી પાસે કઠવાડા ગામ તા–દસક્રોઈ જી–અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૫ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઈ લખમણભાઈ ચલાવે છે.

વટવાઃ વિમલભાઈ સ/ઓ મોહનભાઈ કનોજીયા (ઉ.વ.૫૫) (રહે. રેઈન્બો રીવેરા શાશ્વત સ્કુલ પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૫ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે વટવા બીબી તળાવ નજીક ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૯/૨૦૨૫ બપોરના ૨/૨૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી